
ગાંધીનગર ભાસ્કર, પાના નં. ૧
તારીખ : 08/02/2025

# ગાંધીનગરમાં રેલવેથી મેટ્રો સુધીનું ટ્રાવેલેટર ટૂંક સમયમાં શરૂ થશે



ગાંધીનગર રેલવે સ્ટેશનથી મહાત્મા મંદિર મેટ્રો સ્ટેશન સુધી મુસાફરોને સરળ અવરજવર મળે તે માટે તૈયાર થઈ રહેલું ટ્રાવેલેટરનું કામ હવે પૂર્ણતાની નજીક છે. રૂ. 35 કરોડના ખર્ચે બનતું આ ટ્રાવેલેટર હાલ અંતિમ કામગીરીમાં છે અને અંદાજે દસેક દિવસમાં લોકોના ઉપયોગ માટે ખુલ્લું મુકવામાં આવશે, જેના કારણે રેલવે અને મેટ્રો વચ્ચે સીધી સુવિધા મળશે. ટ્રાવેલેટર શરૂ થતાં રેલવે સ્ટેશનથી મહાત્મા મંદિર મેટ્રો સ્ટેશન સુધી 400 મીટર ચાલીને જવું સરળ બનશે. મુસાફરોનો સમય બચશે અને વાહન બદલવાની જરૂર નહીં રહે. વડીલ નાગરિકો, બાળકો અને ભારે સામાન સાથે આવતા મુસાફરો માટે આ ટ્રાવેલેટર ઉપયોગી રહેશે.